# મોડાસા માર્કેટયાર્ડમાં ઘઉંના ભાવ મુદ્દે ફરીથી હોબાળો





## માર્કેટયાર્ડના દરવાજા બંધ કરી ભારે ખેડૂતોનો હંગામો : ખેડૂત સમાજે સત્તાધીશો અને વેપારીઓ સંયુક્ત પણે લૂંટ ચલાવતા હોવાનો ગંભીર આક્ષેપ

મોડાસા, તા. ૨૧

રાજ્ય સરકારે ખેડૂતોની જીવાદોરી સમાન રવિ સીઝનના મુખ્ય પાક એવા ઘઉંના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાનો ભાવ રૂ. ૩૪૭ નક્કી કરી ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે. બીજી બાજુ ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર પાણીપત્રક માંગવામાં આવતા હાલના સમયમાં તલાટીઓ પાણીપત્રક આપવાની કામગીરીથી અળગા રહેતા ખેડૂતો ન છૂટકે અરવલ્લી જીલ્લાના માર્કેટયાર્ડમાં ઘઉં વેચવા મજબુર બનવું પડતું હોવાથી વેપારીઓ તકનો લાભ લઈ ઘઉંના ભાવ પૂરતા આપતા ન હોવાથી ખેડૂતો બેહાલ બન્યા છે. મોડાસા માર્કેટયાર્ડમાં સપ્તાહમાં બીજીવાર ખેડૂતોને વેપારીઓએ સરકાર દ્વારા નક્કી કરેલા ટેકાના ભાવ કરતા ઓછા ભાવે હરાજી શરુ કરતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો. વિફરેલા ખેડૂતોએ માર્કેટયાર્ડના દરવાજા બંધ કરી દેતા માર્કેટયાર્ડમાં અધિક્ષક કલેક્ટર, ખેતીવાડી અધિકારી, પુરવઠા અધિકારી સહીત દોડી આવી ખેડૂતોના ઘઉં રૂ. ૩૪૭ના ભાવે ખરીદ કેન્દ્ર દ્વારા ખરીદવા આવતા ખેડૂતોનો આક્રોશ ઠંડો પડ્યો હતો. અનિચ્છનીય બનાવ ન બને તે માટે મોટી સંખ્યામાં પોલીસ ફોજ ઉતારી દીધી હતી.



મોડાસા માર્કેટયાર્ડમાં વેપારીઓ અને સત્તાધીશોની મીલીભગતથી ખેડૂતોને તેમના મહામુલા પાકના હરાજીમાં પોષણક્ષમ ભાવ આપવાના બદલે રીંગ કરી પાણીના ભાવે પાક ખરીદવા આવતો હોવાનો અરવલ્લી જીલ્લા ખેડૂત સમાજના અગ્રણીઓએ રોષપૂર્વક જણાવ્યું હતું અને છેલ્લા કેટલાક વર્ષોથી ખેડૂતોને માર્કેટયાર્ડના વેપારીઓ દ્વારા નિતનવા નુસ્ખા અપનાવી લૂંટવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ નિકુલ પટેલે કર્યો હતો.

બુધવારે મોડાસા માર્કેટયાર્ડમાં તાલુકાના ખેડૂતો ખાનગી વાહનોમાં ઘઉંનો પાક લઈ પહોંચ્યા હતા માર્કેટયાર્ડના વેપારીઓએ સરકારે નક્કી કરેલા ટેકાના રૂ. ૩૪૭ના ભાવ કરતા તેમની મનમાની ચલાવી ૩૨૦થી હરાજી શરુ કરતાંની સાથેજ ભારે રોષ ફેલાયો હતો અને ટેકાના ભાવ જેટલા ભાવે ખરીદીની માંગ સાથે હોબાળો મચાવી માર્કેટયાર્ડના તમામ દરવાજા બંધ કરી દેતા માર્કેટયાર્ડના અધિકારીઓ અને વહીવટી તંત્ર માર્કેટયાર્ડમાં દોડી આવી ખેડૂતો સાથે વાટાઘાટો કરી આજના દિવસ પૂરતા ટેકાના ભાવે રૂ. ૩૪૭ના ભાવે ખરીદી કરવામાં આવતા ખેડૂતોએ રાહતના શ્વાસ લીધા હતા. ખેડૂતોના જણાવ્યા અનુસાર દિવસ-રાત જોયા વગર કાળી મજૂરી કરવાની સાથે મોંઘાદાટ બિયારણો અને જંતુનાશક દવાઓ અને મજૂરીના ભારે ભરખમ ખર્ચ કર્યા બાદ તેમના પકવેલા મહામુલા પાકના યોગ્ય ભાવ ન મળતા ના છૂટકે આંદોલનનો માર્ગ અપનાવવો પડતો હોવાની રજુઆત કરી હતી.

# પ્રાંતિજ પોલીસ દ્વારા ટ્રાફિકને લઈને વોર્નીંગ અપાઈ

## આડેધડ ટ્રાફિક કરનારા લોકોનો હવે ખેર નહીં : લારી, ગલ્લા, વાહન ચાલકો સહિત વેપારીઓ સામે ટ્રાફિકને લઈને પ્રાંતિજ પોલીસની લાલ આંખ : ટ્રાફિક નિયમોનું પાલન નહી થાય તો દંડ સહિતની કાર્યવાહી હાથ ધરાશે

પ્રાંતિજ,તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજમાં દિવસે બજાર વિસ્તાર સહિત એપ્રોચરોડ ઉપર વધતાં જતાં ટ્રાફિકની સમસ્યાને લઈને પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ફુટપાથ ઉપર ઉભા થયેલ લારી ગલ્લાવાળાઓને ફુટપાથ ઉપર









નહી ઉભા રહેવા જણાવ્યું હતું. તો ફુટપાથ બાજુમાં વાહનો રોડ ઉપર આડેધડ ઉભા કરતા વાહન ચાલકોને પણ વોર્નિંગ આપવામાં આવી હતી. બજારમાં વેપારીઓ દ્વારા દુકાન છોડી બહાર લાંબા થતાં બજારમા ટ્રાફિક ઉભો કરતાં વેપારીઓને પણ વોર્નિંગ આપવામાં આવી હતી. ભાખરીયા બસ સ્ટેશન ખાતે પણ આડેધડ વાહન ચાલકો મુસાફરોની લ્હાયમાં ઉભા રાખતા તેવોને પણ વોર્નિંગ આપવામાં આવી હતી. ટ્રાફિક ખુલ્લો થતાં નગરજનોએ પ્રાંતિજ પીઆઈની કામગીરીને બિરદાવી હતી. ત્યારે હાલ તો પ્રાંતિજમાં ટ્રાફિક ખુલ્લો થતાં નગરજનોમાં ખુશી જોવા મળી હતી. પણ આવનાર દિવસોમાં પણ ટ્રાફિક ખુલ્લો જોવા મળશે કે કેમ તે તો હવે જોવાનું રહ્યું.

વધતા જતા ટ્રાફિકની સમસ્યાને લઈને વેપારીઓ, લારીગલ્લા તથા વાહનચાલકોને ટ્રાફિકને લઈને વોર્નિંગ આપવામાં આવી છે.

પ્રાંતિજ ખાતે દિવસે ને પોલીસ પીઆઈ વી.આર. ચાવડા દ્વારા પોલિસ સ્ટેશનથી એપ્રોચરોડ, ભાખરીયા બસ સ્ટેન્ડ, બજારચોક સહિત ત્રણ કિલોમીટર સુધી પોલીસ ટીમ સાથે નિકળ્યાં હતા.

# મોડાસા પીપલ્સ સહકારી મંડળી ઉઠમણાં અંગે હાઈકોર્ટ આકરા પાણીએ...

મોડાસા, તા. ૨૧

ધી પીપલ્સ સહકારી મંડળીમાં થયેલી આશરે ૧૩ કરોડની ગેરરીતિ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે સખત વલણ અપનાવ્યુ છે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ, ધી પીપલ્સ સહકારી મંડળી વતી ચેરમેન સલીમભાઈ બાયડીયા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીટ કરી હતી. જેની સુનવણી કરતા નામદાર હાઈકોર્ટે ટાંક્યુ કે "ટ્રાયલ કોર્ટ(સુનવણી અદાલત) દ્વારા ૨૦૧૪માં આરોપ ઘડવામાં આવ્યા છે. ત્રણ વર્ષ વિત્યા હોવા છતાં વિધવાન જુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ મોડાસા અરવલ્લીની કોર્ટમાં કેસ.નં ૧૬૨૮/૨૦૧૩માં કોઈ જ પ્રગતિ થઈ નથી. જો આરોપ ૨૦૧૪માં ઘડવામાં આવ્યા હોય તો અત્યાર સુધી ચુકાદો આવી જવો જોઈએ. વિધવાન જુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ મોડાસા, અરવલ્લીની કોર્ટને કેસ.નં ૧૬૨૮/૨૦૧૩ સુનવણી કરવા તેમજ આજથી ૬ માસની અંદર ચુકાદો આપવાનુ નિર્દેશ કરવામાં આવે છે. આ કેસનો ચુકાદાની જાણ આ કોર્ટમાં કરવામાં આવે."

નામદાર હાઈકોર્ટના ચુકાદાથી જેના નાણાં ડુબ્યા છે તેવા થાપણદારોમાં મરી પરવારેલ આશા ફરી પ્રાણ ફુકાંયા છે. અત્રે ફોજદારી કોર્ટ કેસ.નં ૧૬૨૮/૨૦૧૩માં કુલ ૨૮ આરોપી છે. જેમાં ૨ અરોપીઓ મૃત થયા છે. મોડાસા પીપલ્સ સહકારી શરાફી મંડળીમાં ચેરમેન, ડીરેકટરો અને મેનેજર સહિત દ્વારા આચરાયેલી રૂ.૧૩ કરોડની ગેરરીતિના પગલે વર્ષ-૨૦૧૨ના નવેમ્બર માસમાં મંડળીને તાળાં લાગી જતાં પોતાની મહેનતની બચતપુંજી ચાઉ કરી જનારા કૌભાંડીઓ સામે થાપણદારો અને રોકાણકારોએ હલ્લાબોલ મચાવ્યો હતો. તત્કાલીન જિલ્લા રજીસ્ટારને કરાયેલ રજૂઆત બાદ હાથ ધરાયેલી તપાસમાં ૨૮ ઈસમો વિરૂધ્ધ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. કૌભાંડના ૪ વર્ષ બાદ પણ કસૂરવારો પાસેથી નાણાં વસૂલી નહીં થતાં તેમજ ઓડીટરોથી માંડી જીલ્લા રજીસ્ટારની કચેરીના અધિકારીઓની શંકાસ્પદ કામગીરી સામે નારાજગી ઊભી થઈ છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે કૌભાંડીઓ ને સજા અપાવવા નવી બોડીના ચેરમેન સલીમભાઈ બાયડીયા અને ડીરેકટરો નાસીપાસ થયા વિના કાનુની લડત ચલાવી રહ્યા છે જેનાથી લાગી રહ્યું છે કે આ કેસના અરોપીઓને વહેલા કે મોડા પોતાની કરની સજા ભોગવી પડશે.



## પાલનપુરની શ્રી જૈન શિશુ શાળાની રાત્રી રોકાણ શિબિર

પાલનપુરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિર સંચાલિત શ્રી જૈન શિશુ શાળાના ધો. ૨ના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ દાંતીવાડા ડેમની પાછળની સાઈડે આવેલ દાંતીવાડા તાલુકાના રણાવાસ ખાતે આવેલ ખુલ્લી જગ્યા ખેતર નજીક વિશાળ જગ્યામાં તંબુ (ટેન્ટ)માં બાળકોને રાત્રે રોકાણ કરાવી મોજ મજા કરાવી હતી. જેમાં શાળાના નિયામક હસમુખભાઈ મોદીની સખ્ત મહેનત ટીમ વિદ્યામદિરની કાર્યપ્રણાલીથી પ્રતિ વર્ષે જુદી જુદી જગ્યાએ આ શિબીર યોજાય છે. જેમાં સોપાનથી લઈ પ્રાથમિક શાળા સુધીના બાળકો ભાગ લે છે. શ્રી જૈન શિશુ શાળાના આચાર્ય શ્રીમતી દિવાળીબેન પટેલની રાહબરી હેઠળ બાળકોને પ્રવાસમાં લઈ જઈ લીંબુ પાણી, તરબુચ, ભોજન, ડાન્સ, રાસ-ગરબા, બોર્નવિટા દૂધ, ઘોડેસવારી, મંદિર સ્કાઉટની તાલીમ બપોરનું ભોજન નાસ્તો કરાવી પરત લાવાતા બાળકોને મજા કરાવી હતી.

## શિહોરીના રાનેર ગામની સીમમાં દારૂખાનું બનાવતી ફેકટરી પકડતી એસ.ઓ.જી. પોલીસ

શિહોરીના રાનેર ગામની સીમમાં સર્વે નં.૬૭૬ પૈકી ૧માં ડીસાનો અશ્વિનભાઈ પ્રવિણભાઈ આસવાણી (ઠક્કર) કોઈપણ જાતના પરવાના વગર ઔધોગિક હેતુ સારૂ "સ્મોલ ફાયર વર્કસ" નામની દારૂખાનું બનાવવાની ફેકટરી ચલાવી દારૂખાનું ફટાકડા વિગેરે બનાવે છે. જે હકિકત આધારે હકિકતવાળી જગ્યાએ ઝડતી તપાસ કરતાં સદરે ઈસમ હાજર મળી આવેલ અને દારૂખાનું બનાવતા તેમજ લાયસન્સ વગરનું દારૂખાનું જેમાં સુતળી બોમ્બ, તારામંડળ, તથા ગંધક પાવડર વિગેરે સરસામાન કુલ રૂ. ૭૬૮૫૦/- નો મળી આવતાં આગ બુઝાવવાના અગ્નિ સામક સાધનો કે સામગ્રી નહી રાખી ગે.કા.અને વગર લાઈસન્સે ફટાકડા બનાવવાની ફેકટરીમાં દારૂખાનું રાખી અલગ જાતના ગે.કા. વગર લાયસન્સે ફટાકડા મળી આવેલ છે.

## મહુવામાં હનુમંત સંગીત મહોત્સવ યોજાશે

દર વર્ષની જેમ હનુમાન જયંતીના દિને મહુવા ગામે માલણ નદીને કિનારે કૈલાસ ગુરૂકુળમાં હનુમંત સંગીત મહોત્સવ-૪૧ અને અસ્કિતાપર્વ ૨૧ પરમપૂજ્ય મોરીરાબાપુના સાનિધ્યમાં યોજાશે. ૨૮મી માર્ચના ગુજરાતના અગ્રણી લબ્ધ પ્રતિષ્ઠિત કવિઓ, લેખકો, સંગીતકારોની હાજરીમાં યોજાશે. તા. ૨૮-૨૯ અને તા. ૩૦મી માર્ચના રોજ વિવિધ કાર્યક્રમો યોજાશે.

### ૪ માસથી સરકાર સાથે લેખિત અને મૌખિક ચર્ચાઓ બાદ પણ

## કોઈ નિર્ણય ન આવતાં તમાકુની ખરીદી નહીં કરવાનો નિર્ણય

મહેસાણા જિલ્લાના નહી પરંતુ સમગ્ર ગુજરાતની સૌથી મોટા તમાકુના માર્કેટયાર્ડ ઉનાવામાં વેપારીઓને જી.એસ.ટી. અંગેની માળખાકીય માહિતી ન મળતા આજે વેપારીઓ મુજવણમાં મુકાયા છે જેને લઈને આગમી સમયમાં વેપારીઓ માલ ન ખરીદવા મક્કમતા દાખવી રહ્યા છે. જેના કારણે ખેડૂતોની મુશ્કેલી વધી શકે તેમ છે.

તાજેતરમાં મહેસાણા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતની ઊંઝા તાલુકાના સુણોક ગામે ઉમિયા માતાજી વાડીમાં એક બેઠક મળી હતી. જેમાં ડીસા, ભીલડી, વિજાપુર, લાડોલ, પાટણ એપીએમસીના ચેરમેન, સેક્રેટરી, ડિરેકટરો અને વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તમાકુ પર ૨૮ ટકા જીએસટીના અમલીકરણ મુદ્દે છેલ્લા ૪ માસથી સરકાર સાથે લેખિત અને મૌખિક ચર્ચાઓ બાદ પણ કોઈ નિર્ણય ન આવતાં તમાકુની ખરીદી નહીં કરવાનો નિર્ણય કરાયો હતો. આજે સૌથી મોટા બજાર આગામી ૧ તારીખથી શરુ થવા જઈ રહ્યો છે ત્યારે વેપારીઓએ માલ ખરીદવાની ના કહેતા આગામી સમયમાં ખેડૂતોને માર પાડે તેમ છે. તેમ રાજેન્દ્ર પટેલ સેક્રેટરી ઉનાવા માર્કેટે જણાવ્યું હતું. સરકારે તમાકુમાં તાજેતરમાં ૨૮ ટકા જીએસટી મુદ્દે સ્પષ્ટતા કરી નથી. ખેડૂત પાસેથી સીધી ખરીદી ઉપર ૫ ટકા જીએસટી લગાવામાં જણાવ્યું છે અને જયારે એનો એ જ માલ એ જ પરિસ્થિતિમાં બજારમાં મુકતાં ૨૮ ટકા જીએસટી લગાવા જણાવ્યું છે ત્યારે વેપારીઓ પ્રથમ ૫ % અને ત્યારબાદ તેજ માલને ૨૮ % માં ફેરબદલ કરે તો કેટલા બીલ બનવવા અને તે ટેક્ષ કઈ રીતે ભરવો અને તેમની આવક પર કેટલો નફો મુકવો જેવા પ્રશ્નો આજે વેપારીઓને સતાવી રહ્યો છે તેમ સુરેશ પટેલ ચેરમને ઉનાવા માર્કેટયાર્ડે જણાવ્યું હતું. બંને ટેક્ષ હાલમાં સરકારને જ નફો આપી જશે અને ન વેપારીને મળતર રહેશે કે ન પછી ખેડૂતને મળતર રહેશે. આ સરકારની નીતિ હાલમાં વાજબી ન હોવાનું વેપારીઓનું માનવું છે. આ મુદ્દે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, સચિવ પી.ડી. વાઘેલા સહિતને રજૂઆત કરવા છતાંય કોઈ હલ ન આવતાં તમાકુના વેપારીઓએ આગામી સમયમાં માલ ન ખરીદવા મક્કમ બનતા વેપાર હાલમાં અટકી જતા વેપારી સહિત ખેડૂતોના અને સરકારના ખિસ્સામાં માર પડશે તેમ કહીએ તો નવાઈ નહી.



## મોડાસાના મારવાડી મહેશ્વરી સમાજની મહિલાઓ દ્વારા ઘનગોર ઉત્સવની ઉજવણી

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ઘનઘૌર મહોત્સવની ઉજવણીની શરૂઆત ધુળેટીથી મારવાડી મહેશ્વરી સમાજની મહિલાઓ દ્વારા ઘનઘૌર ઉત્સવની ઉજવણી શરુ કરવામાં આવી હતી. જેમાં શંકર-પાર્વતી ભગવાનની પૂજા અર્ચના કર્યા બાદ ચૈત્ર સુદ-૩ ના દિવસે શિવ-પાર્વતી ભગવાનની લગ્નવિધિ કરવાની સાથે શહેરમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવતીઓ જોડાઈ હતી. આ ઉત્સવમાં કુંવારી બાળકીઓ શિવ તથા પાર્વતી પાસેથી મનપસંદ વર મેળવવા અને વિવાહિત મહિલાઓ પતિની સમાલતી માટે પૂજનવિધિ કરી હતી.